# સાણંદથી દેશની ટેક-ક્રાંતિનો પ્રારંભ

**પીએમ** મોદી દ્વારા માઇક્રોન સેમિકન્ડક્ટર ઉત્પાદન સુવિધાનો આરંભ થયો



ગાંધીનગર : અમદાવાદ જિલ્લાના સાણંદ ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 22,516 કરોડના વિશાળ રોકાણ સાથે માઈક્રોન સેમિકન્ડક્ટર ફેસિલિટીની આરંભ કરાવી દેશની ટેક-ક્રાંતિના નવા અધ્યાયનો પ્રારંભ કર્યો હતો. આ પ્રસંગે તેમણે કહ્યું કે ૨૦મી સદીનું રેગ્યુલેટર ઓઈલ હતું, જ્યારે ૨૧મી સદીનું રેગ્યુલેટર માઈક્રોચિપ બનશે. ગુજરાત હવે દેશના 'સેમી કન્ડક્ટર' તરીકેની ઓળખને પ્રસ્થાપિત કરશે.

પીએમ મોદીએ જણાવ્યું હતું કે વિશ્વ આજે AI રિવોલ્યુશનની સદીમાં પ્રવેશી રહ્યું છે અને ભારત આ પરિવર્તનનો માત્ર ભાગીદાર નહીં, પરંતુ નેતૃત્વ કરનાર દેશ તરીકે ઉભરી રહ્યું છે. "ઈન્ડિયા ઈઝ રેડી, ઈન્ડિયા ઈઝ રિલાયેબલ એન્ડ ઈન્ડિયા ડિલિવર્સ"નો દ્રઢ સંદેશ આપતા તેમણે ઉમેર્યું કે ભારત હવે વૈશ્વિક સેમિકન્ડક્ટર વેલ્યૂ ચેઈનમાં મહત્વપૂર્ણ સ્થાન મેળવી રહ્યું છે. સોફ્ટવેર માટે જાણીતું ભારત હવે હાર્ડવેર ક્ષેત્રે પણ પોતાની મજબૂત ઓળખ સ્થાપિત કરી રહ્યું છે.

રાષ્ટ્રીય સેમિકન્ડક્ટર મિશન અંતર્ગત નિર્મિત આ અદ્યતન ATMP પ્લાન્ટ (એસેમ્બલી, ટેસ્ટિંગ, માર્કિંગ અને પેકેજિંગ) દેશના ટેક-ઈકોસિસ્ટમને નવી ગતિ આપશે. વડાપ્રધાનશ્રીએ પ્લાન્ટની મુલાકાત લઈ સેમિકન્ડક્ટર ચિપના એસેમ્બલી અને પેકેજિંગ પ્રક્રિયાની વિગતવાર માહિતી મેળવી હતી. જૂન-૨૦૨૩માં થયેલા સમજૂતી કરારથી લઈને ફેબ્રુઆરી-૨૦૨૬માં કોમર્શિયલ પ્રોડક્શન સુધીનો માત્ર ૯૦૦ દિવસનો સમયગાળો ભારતની કાર્યક્ષમતા અને નીતિગતિનું જીવંત ઉદાહરણ હોવાનું તેમણે જણાવ્યું હતું.

કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવ, સીએમ ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. માઈક્રોન દ્વારા ડેલ ટેક્નોલોજીના પ્રથમ કોમર્શિયલ "મેડ ઈન ઈન્ડિયા" શિપમેન્ટનું હેન્ડઓવર પણ વડાપ્રધાનની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું.

પીએમ મોદીએ કહયું હતું કે ભારતનું લક્ષ્ય માત્ર એક ફેક્ટરી સ્થાપવા પૂરતું નથી, પરંતુ સંપૂર્ણ સેમિકન્ડક્ટર ઈકોસિસ્ટમ વિકસાવવાનું છે – જેમાં ડિઝાઈન એન્જિનિયર્સથી લઈને મશીન નિર્માતા અને લોજિસ્ટિક્સ સુધીના તમામ સ્તરોનો સમાવેશ થાય છે. 'ઈન્ડિયા સેમિકન્ડક્ટર મિશન 2.0' આ દિશામાં મોટું પગલું સાબિત થશે.

### સેમિકન્ડક્ટર ઇકોસિસ્ટમ ક્ષેત્રે "પાયાની ઈંટ" : સીએમ ભૂપેન્દ્ર પટેલ

ગાંધીનગર : અમદાવાદ જિલ્લાના સાણંદ ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ માઇક્રોન સેમિકન્ડક્ટર ફેસિલિટીની ભવ્ય શરૂઆત કરાવી ભારતને વૈશ્વિક સેમિકન્ડક્ટર શક્તિ તરીકે મજબૂત દિશા આપી છે. 22,516 કરોડના વિશાળ રોકાણ સાથે શરૂ થયેલો આ પ્રોજેક્ટ દેશના ટેક-ઇતિહાસમાં માઇલસ્ટોન સમાન માનવામાં આવી રહ્યો છે. આ સમારંભમાં સીએમ ભૂપેન્દ્ર પટેલએ આ લોકાર્પણને સેમિકન્ડક્ટર ઇકોસિસ્ટમ ક્ષેત્રે "પાયાની ઈંટ" ગણાવી જણાવ્યું હતું કે વડાપ્રધાનના વિઝનરી નેતૃત્વમાં ગુજરાત આજે ગ્લોબલ મેપ પર ગ્રોથ એન્જિન તરીકે ચમકી રહ્યું છે. સાણંદ અને ધોલેરા દેશના સેમિકન્ડક્ટર હબ તરીકે ઊભરી રહ્યા છે. જૂન 2023માં થયેલી જાહેરાત બાદ માત્ર 24 કલાકમાં ગુજરાત સરકારે પ્રોજેક્ટને મંજૂરી આપીને ગતિનો નવો ધોરણ સ્થાપ્યો હોવાનું તેમણે જણાવ્યું હતું. કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે આજના દિવસને ઐતિહાસિક ગણાવતા જણાવ્યું હતું કે છ દાયકાથી જોવામાં આવેલું સેમિકન્ડક્ટર સ્વપ્ન આજે સાકાર થયું છે.

સાણંદ સાથેના સંસ્મરણો વાગોળતાં તેમણે જણાવ્યું હતું કે એક સમય હતો જ્યારે અહીં ઓટોમોબાઈલ ક્રાંતિનો આરંભ થયો હતો અને આજે તે જ ધરતી ગ્લોબલ મેપ પર સેમિકન્ડક્ટર હબ તરીકે ઉભરી રહી છે. પર્યાવરણ અને પ્રગતિના સંતુલન પર ભાર મૂકતા તેમણે પ્લાન્ટના વિશાળ ક્લીન રૂમ સ્પેસ અને પાણીના સંરક્ષણ માટેની વ્યવસ્થાની પ્રશંસા કરી હતી.અંતમાં વડાપ્રધાને વિશ્વના રોકાણકારોને વિશ્વાસ આપ્યો કે ભારત અને ગુજરાત સરકાર ખભેખભો મિલાવીને ટેક્નોલોજી અને ઉત્પાદન ક્ષેત્રે વૈશ્વિક નેતૃત્વ માટે પ્રતિબદ્ધ છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે આ દશક ભારતના ટેક-ફ્યુચરનો સૌથી મોટો ટર્નિંગ પોઈન્ટ સાબિત થશે અને સાણંદ દેશની સેમિકન્ડક્ટર ક્રાંતિનું પ્રવેશદ્વાર બની રહેશે.



## સાપુતારામાં ગાઢ ધુમ્મસ, ઠંડીનો ચમકારો

**વાતાવરણમાં** આવેલા બદલાવથી પ્રવાસીઓમાં ઉત્સાહ, ખેડૂતો ચિંતામાં

સાપુતારાઃ ગિરિમથક સાપુતારા ખાતે છેલ્લા બે દિવસથી વાતાવરણમાં અચાનક પલટો જોવા મળી રહ્યો છે. વહેલી સવારથી સમગ્ર ગિરિકંદરા વિસ્તારમાં ગાઢ ધુમ્મસ છવાઈ જતાં ઠંડીનો ફરી એકવાર ચમકારો અનુભવાયો હતો, જેના કારણે કુદરતી સૌંદર્ય વધુ મનોહર બની ગયું છે.

શનિવારે વહેલી સવારે ગિરિકંદરા, સર્પગંગા તળાવ કિનારા તથા મુખ્ય માર્ગો પર ધુમ્મસની સફેદ ચાદર છવાઈ જતાં વાહનચાલકોને ધીમી ગતિએ વાહન હંકાવવાની ફરજ પડી હતી. ધુમ્મસ અને ઠંડકભર્યા પવન વચ્ચે સાપુતારામાં આહલાદક અને રોમેન્ટિક માહોલ સર્જાયો હતો. સેલ્ફી પોઈન્ટ અને વિવિધ વ્યૂ પોઈન્ટ પર પ્રવાસીઓ કુદરતી નજારાનો આનંદ માણતા નજરે પડ્યા હતા. ધુમ્મસ અને ઠંડા વાતાવરણને કારણે આગામી દિવસોમાં પ્રવાસીઓની સંખ્યામાં વધારો થવાની આશા વ્યક્ત કરવામાં આવી રહી છે. બીજી તરફ મૌસમના અચાનક બદલાયેલા મિજાજે ખેડૂતોમાં ચિંતાનું વાતાવરણ ઊભું કર્યું છે. આ સમયગાળામાં વધતી ભેજ અને ઠંડકને કારણે ઊભા પાક પર પ્રતિકૂળ અસર થવાની ભીતિ વ્યક્ત કરવામાં આવી રહી છે. ખાસ કરીને શાકભાજી અને બાગાયતી પાકને નુકસાન પહોંચવાની શક્યતા છે. ખેતી આધારિત વિસ્તારમાં ખેડૂતો માટે ચિંતા પણ વધારતા હોવાનું સ્થાનિકોમાં ચર્ચાઈ રહ્યું છે.

## તંગદિલી બાદ હજીરા વિસ્તાર પોલીસ છાવણીમાં ફેરવાયું

**પોલીસ** ટીમની AMNS અને L&T સહિતના વિસ્તારોમાં 'ફ્લેગ માર્ચ'

સુરત :હજીરા સ્થિત આર્સેલર મિત્તલ નિપ્પોન સ્ટીલ (AMNS) કંપનીમાં છેલ્લા બે દિવસથી ચાલી રહેલા ઘર્ષણ અને તોફાની ઘટનાઓને પગલે આજે સુરત શહેર પોલીસ દ્વારા કડક સુરક્ષા બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. પરિસ્થિતિ પર કાબૂ મેળવવા અને શ્રમિકોમાં સુરક્ષાનો ભાવ જગાડવા માટે પોલીસે AMNS, L|T અને આસપાસની લેબર કોલોનીઓમાં ફૂટ પેટ્રોલિંગ અને ફ્લેગ માર્ચ યોજી હતી.

છેલ્લા ૪૮ કલાક દરમિયાન AMNS કંપનીના ગેટ પાસે અને લેબર કોલોનીઓમાં જે પ્રકારે હિંસક બનાવો બન્યા હતા, તેને જોતા પોલીસ કમિશનરની સૂચના મુજબ હજીરા વિસ્તારને પોલીસ છાવણીમાં ફેરવી દેવામાં આવ્યો છે. આજે સવારથી જ ઉચ્ચ પોલીસ અધિકારીઓના કાફલા સાથે મોટી સંખ્યામાં પોલીસ જવાનોએ કંપનીના મુખ્ય માર્ગો અને શ્રમિકોના રહેણાંક વિસ્તારોમાં માર્ચ કરી હતી. AMNS અને L|T જેવી સંવેદનશીલ કંપનીઓના પ્રવેશદ્વાર પર ચુસ્ત બંદોબસ્ત ખડકી દેવાયો હતો.

તોફાની તત્વોને પકડવા અને શાંતિ જાળવવા વિવિધ લેબર કોલોનીઓમાં પોલીસનું સઘન ચેકિંગ હાથ ધરાયું હતું. સોશિયલ મીડિયા પર ફેલાતી અફવાઓથી દૂર રહેવા અને કાયદો હાથમાં ન લેવા પોલીસ દ્વારા તાકીદ કરવામાં આવી છે. નોંધનીય છે કે, પગાર વધારા કે અન્ય પડતર માંગણીઓને લઈને શ્રમિકો દ્વારા કરવામાં આવેલા વિરોધ પ્રદર્શને હિંસક સ્વરૂપ ધારણ કર્યું હતું, જેમાં કંપનીની મિલકતોને નુકસાન પહોંચાડવાના બનાવો પણ સામે આવ્યા હતા. હાલમાં પરિસ્થિતિ નિયંત્રણ હેઠળ છે, પરંતુ સાવચેતીના ભાગરૂપે પોલીસ દ્વારા સતત પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું છે.

## પતિને આડા સંબંધની જાણ થઈ જતાં પત્નીની આત્મહત્યા

સુરતઃ યોગીચોકમાં પત્નીના આડા સંબંધની જાણ પતિને થઈ જતા પત્નીએ ઝેર પીને આત્મહત્યા કરી લીધી હતી. પત્નીના આડા સંબંધની જાણ થતા દંપતી વચ્ચે ઝગડો થયો હતો. મૂળ ભાવનગર જિલ્લાના જેસર તાલુકાના વતની અતુલકુમાર કાછડીયા હાલ યોગીચોકની ગજાનંદ સોસાયટી વિભાગ-2માં પરિવાર સાથે રહે છે. તે રત્નકલાકાર તરીકે કામ કરીને પરીવારનું ગુજરાન ચલાવે છે. અતુલકુમારે પાંચ વર્ષ પહેલા પૂનમ (26 વર્ષ) સાથે પ્રેમલગ્ન કર્યા હતા. પત્ની પૂનમના આડા સંબંધ હોવાની જાણ અતુલકુમારને થઈ ગઈ હતી, જેથી બંને વચ્ચે ઝઘડો થયો હતો. જે વાતનું માઠું લગાડી શુક્રવારે રાત્રે પૂનમે ઘરમાં ઝેર પી લીધું હતું. તેને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડાઈ હતી, જ્યાં સારવાર દરમિયાન આજે સવારે તેનું મોત થયું હતું. આ અંગે વધુ તપાસ સરથાણા પોલીસ કરી રહી છે.

## સુરત રેલવે સ્ટેશ પર 'મલાના ક્રીમ' ચરસ સાથે ત્રિપુટી ઝડપાઈ

**એર્નાકુલમ** જંક્શન સુપરફાસ્ટ એક્સપ્રેસમાંથી 2.30 લાખનું ચરસ ઝડપાયું

સુરતઃ ગુજરાતમાં નશાબંધીની કડક અમલ વચ્ચે પશ્ચિમ રેલવે વડોદરા લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) ના સુરત યુનિટને મોટી સફળતા મળી છે. એર્નાકુલમ સુપરફાસ્ટ એક્સપ્રેસ ટ્રેનમાં હઝરત નિઝામુદ્દીનથી મુંબઈ તરફ લઈ જવાતો 923 ગ્રામ કિંમતી 'મલાના ક્રીમ' ચરસનો જથ્થો રેલવે પોલીસે ઝડપી પાડ્યો છે. આ મામલે પોલીસે મુંબઈના સાંતાક્રુઝ વિસ્તારમાં રહેતા ત્રણ શખ્સની ધરપકડ કરી કુલ 2.50 લાખથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો છે.

પશ્ચિમ રેલવે ના વડોદરા એસ.પી. અભય સોનીના માર્ગદર્શન હેઠળ સુરત LCB પોલીસ ઈન્સ્પેક્ટર તરુણ પટેલ



અને સબ ઈન્સ્પેક્ટર રવિરાજસિંહ જાડેજાની ટીમ પેટ્રોલિંગમાં હતી. તે દરમિયાન હેડ કોન્સ્ટેબલ પૃથ્વીરાજસિંહ પ્રવિણસિંહને ખાનગી રાહે સચોટ બાતમી મળી હતી કે ટ્રેન નંબર 22656 એર્નાકુલમ જંક્શન સુપરફાસ્ટ એક્સપ્રેસમાં કેટલાક ઈસમો ચરસનો જથ્થો લઈને મુસાફરી કરી રહ્યા છે. બાતમીના આધારે સુરત રેલવે સ્ટેશને ટ્રેન આવતા જ પોલીસ કાફલાએ કોચ નંબર S/4 માં દરોડો પાડ્યો હતો અને વર્ણન મુજબના શખ્સોને આંતરી લીધા હતા. પોલીસ આરોપીઓની તલાસી લેતાં આરોપીઓ પાસેથી 2,30,750ની કિંમતનું 923 ગ્રામ મલાના ક્રીમ (ચરસ) અને 20,000ની કિંમતના ચાર મોબાઈલ ફોન મળી કૂલ 2,50,750નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. સુરત રેલવે પોલીસ સ્ટેશનમાં NDPS એક્ટ ની કલમ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરવામાં આવી છે. આ સફળ કામગીરીમાં LCB અને SOG વડોદરાના સ્ટાફના જવાનો જોડાયા હતા.

### પકડાયેલા ત્રણ આરોપી

પંકજસિંગ ધરમરાજસિંગ (ઉ.વ.29, મૂળ ઉત્તર પ્રદેશ, હાલ મુંબઈ, સાંતાક્રુઝમાં રહી મોલમાં નોકરી કરે છે)
ગીતેશ સુરેશ મોટકટે (ઉ.વ.27, મૂળ મહારાષ્ટ્ર, સાંગલી, હાલ મુંબઈમાં રહી કોલ સેન્ટરમાં કાર્યરત છે)
સાહિલ દિલીપભાઇ સાઠલીયા (ઉ.વ.24, જે સાંતાક્રુઝમાં સ્કૂલ બેગની દુકાન ચલાવે છે)

## સાવધાન, દમણમાં વાહન ચેકિંગ અભિયાન

**નિયમોનું** ઉલ્લંઘન કરનાર ચાલકો સામે દંડની કાર્યવાહી થશે

દમણઃ સંઘપ્રદેશ દમણમાં માર્ગ સલામતી સુનિશ્ચિત કરવા અને કાયદો-વ્યવસ્થા જાળવવા દમણ પરિવહન વિભાગ પોલીસ વિભાગ સાથે જરૂરી સંકલન સાધી પ્રદેશમાં એક કડક વાહન ચેકિંગ અભિયાન હાથ ધરવા જઈ રહ્યું છે. જેમાં વાહન માલિકો અને ડ્રાઈવરોને ટ્રાફિકના નિયમોનું કડક પાલન કરવા તથા વાહનોના જરૂરી માન્ય તમામ દસ્તાવેજો સાથે રાખવા અનુરોધ કરવામાં આવ્યો છે. જે વાહનચાલકો નિયમોનું ઉલ્લંઘન કરતાં જોવા મળશે તથા જરૂરી દસ્તાવેજો સાથે ન હશે તો દંડ સહિતની કાર્યવાહી હાથ ધરાશે.

### ક્યા વાહન માટે કેટલો દંડ નક્કી કરવામાં આવ્યો છે

હેલ્મેટ વગર વાહન હંકારવાના તથા એકથી વધુ વ્યક્તિને વાહન પર બેસાડવાના ગુનામાં 1,000 રૂપિયા દંડ તથા 3 મહિના માટે લાયસન્સ ગેરલાયક ઠરાવવામાં આવશે. વાહનો પર એસ.એસ.આર.પી. વગરની નંબર પ્લેટ હશે તો ટૂ વ્હીલર ચાલકો માટે 2,000, 3 વ્હીકલ ચાલકો માટે 3,000 તથા મોટા માલ વાહક વાહનો માટે 5,000 ના દંડની જોગવાઈ કરી છે. વીમા વિનાના તમામ નાના-મોટા વાહનો માટે 2,000 રૂપિયા, કાળા કલરની ફિલ્મવાળા થ્રી વ્હીલર અને ફોર વ્હીલર વાહન માટે 1,000 રૂપિયા, રોડની બાજુએ પાર્ક કરેલ તમામ વાહનો માટે 500 રૂપિયા, ગતિ મર્યાદાથી વધુની સ્પીડે વાહન હંકારવા પર તમામ વાહનો માટે 2,000 રૂપિયા, મોબાઈલ પર વાત કરતી વખતે અથવા તો ખતરનાક રીતે વાહન હંકારવા પર બાઈક મોપેડ ચાલકો માટે 1,000, થ્રી વ્હીલર વાહનચાલકો માટે 3,000 અને મોટા વાહનચાલકો માટે 5,000 નો દંડ નક્કી કરવામાં આવ્યો છે. જ્યારે કાર કે અન્ય મોટા વાહનોમાં સીટ બેલ્ટ ન બાંધ્યો હશે તેવા લોકોને 1,000 તથા ડ્રાઈવિંગ લાયસન્સ વગર વાહન હંકારનાર તમામ લોકોને 5,000 ના દંડની જોગવાઈ કરવામાં આવી છે.

**અનુસંધાન... પાના પહેલાનું**

### હોર્મુઝ સ્ટ્રેટ બંધ...

ક્રૂડ ઓઈલના ભાવ આસમાને પહોંચી શકે છે, જેની સીધી અસર ભારતમાં પેટ્રોલ-ડીઝલના ભાવ પર પડી શકે છે. જોકે ઈરાની સત્તાવાળાઓએ હજુ સુધી આ અંગે કોઈ સત્તાવાર જાહેરનામું બહાર પાડ્યું નથી, પરંતુ દરિયામાં જહાજોને મળી રહેલા સંદેશાઓથી શિપિંગ ઉદ્યોગમાં ભારે ફાળ પડી છે.ડિયો સંદેશા મોકલીને આ વ્યૂહાત્મક જળમાર્ગમાંથી પસાર ન થવા ચેતવણી આપવામાં આવી છે.

### મહાયુદ્ધના એંધાણ...

છે અને ૭૦૦થી વધુ ઘાયલ થયા છે. પવિત્ર રમઝાન મહિના દરમિયાન થયેલા આ હુમલાઓએ ઈરાનમાં અમેરિકી દખલગીરીનો એક નવો અધ્યાય શરૂ કર્યો છે અને આ આઠ મહિનામાં બીજી વખત છે જ્યારે ટ્રમ્પ વહીવટીતંત્રે ઈસ્લામિક રિપબ્લિક વિરુદ્ધ લશ્કરી બળનો ઉપયોગ કર્યો છે. આ હુમલાઓ એવા સમયે થયા છે જ્યારે થોડા અઠવાડિયા પહેલા જ એક અમેરિકી સૈન્ય ઓપરેશનમાં વેનેઝુએલાના રાષ્ટ્રપતિ નિકોલસ માદુરોની ધરપકડ કરવામાં આવી હતી અને તેમને અને તેમની પત્નીને ફેડરલ ડ્રગ કાવતરાના આરોપોનો સામનો કરવા માટે ન્યૂયોર્ક લાવવામાં આવ્યા હતા. ઇરાન પર અમેરિકા અને ઇઝરાયેલે એકબીજા સાથે સંકલન કરીને હુમલા કર્યા છે.

### અબુધાબીમાં મિસાઇલના શાર્પનલો વાગતાં એકનું મોત

સંયુક્ત આરબ અમીરાત (UAE) ની રાજધાની પર ઈરાનના મિસાઈલ હુમલા વખતે મિસાઇલના અણીદાર પદાર્થો પડવાથી એક વ્યક્તિનું મોત નિપજ્યું છે, તેમ સરકારી મીડિયાએ જણાવ્યું હતું.

### ટ્રમ્પે સંસદની મંજૂરી વગર હુમલો કર્યો: ડેમોક્રેટોએ ટીકા કરી

ડેમોક્રેટ્સે આક્ષેપ કર્યો હતો કે ટ્રમ્પે કોંગ્રેસની મંજૂરી વગર આ પગલું ભર્યું હતું. હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સમાં ટોચના ડેમોક્રેટ નેતા હકીમ જેફ્રીસે જણાવ્યું હતું કે, ઈરાન એક બેડ એક્ટર હોવા છતાં, પ્રમુખે લશ્કરી દળના એવા કોઈપણ પૂર્વ-નિર્ધારિત ઉપયોગ માટે મંજૂરી મેળવવી જોઈએ જે યુદ્ધ સમાન હોય.

### તેહરાનમાં આયાતુલ્લા...

કાળો ધુમાડો નીકળતો જોઈ શકાય છે. અનેક ઈમારતો આ હુમલામાં ધ્વસ્ત થઈ હોવાનું જણાય છે.

**ખામેની ક્યાં છે?**

અહેવાલો અનુસાર, હુમલા પહેલા જ ખામેનેઈને ઈરાન બહાર કોઈ અજ્ઞાત સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા છે. માત્ર તેહરાન જ નહીં, પણ ઈરાનના અન્ય મહત્વના શહેરો જેવા કે ઈસ્ફાહાન અને કોમમાં પણ ભારે વિસ્ફોટો નોંધાયા છે.

### ખામેની માર્યા...

અને ઈઝરાયેલે ઈરાન પર સંયુક્ત હુમલો કર્યો, ત્યારથી ખમેની તરફથી કોઈ સંદેશ કે નિવેદન મળ્યા નથી.

ઈઝરાયેલી સ્ત્રોતોએ આજે જણાવ્યું હતું કે ડોનાલ્ડ ટ્રમ્પે ઈઝરાયેલ સાથેના સંયુક્ત મિસાઈલ હુમલાના પ્રથમ તબક્કામાં ખાસ કરીને ઈરાનના સર્વોચ્ચ નેતાને નિશાન બનાવ્યા હતા. એવું માનવામાં આવે છે કે શરૂઆતના વિસ્ફોટો રાજધાની તેહરાનમાં ખમેનીની ઓફિસની નજીક થયા હતા. ઈઝરાયેલના એક અધિકારીએ જણાવ્યું હતું કે હુમલાના પરિણામો હજુ અસ્પષ્ટ છે, જ્યારે અગાઉના અહેવાલો સૂચવે છે કે સર્વોચ્ચ નેતાને તેહરાનથી દૂર કોઈ સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા હતા.

## મને મરવા દો, મારે નથી જીવવું, શું કામ બચાવો છો?

**તાપીમાં** ભૂસ્કો મારનાર મહિલા માટે સિંગણપોર પોલીસ દેવદૂત બની

સુરતઃ સિંગણપોર ડભોલી બ્રિજ પર આજે બપોરે પારિવારિક કંકાસથી કંટાળી એક મહિલાએ તાપી નદીમાં મોતની છલાંગ લગાવી જીવન ટૂંકાવવાનો પ્રયાસ કર્યો હતો. જો કે, નસીબજોગે તે સમયે ત્યાંથી પસાર થઈ રહેલી પોલીસની ૧૧૨ PCR વાનના જવાનોએ સમયસૂચકતા વાપરી નદીના ધસમસતા પ્રવાહ અને કાદવની પરવા કર્યા વગર પાણીમાં ઝંપલાવ્યું હતું અને મહિલાને મોતના મુખમાંથી ખેંચી લાવી નવું જીવનદાન આપ્યું હતું. બ્રિજ પર ટોળું જોઈ ASI વેલજીભાઈ, HC અનિલભાઈ અને મહિલા પોલીસકર્મીઓ પાર્વતીબેન તથા નિકીતાબેન તુરંત દોડી ગયા હતા. મહિલા પાણીમાં ડૂબી રહી હોવાનું જણાતા પોલીસ જવાનોએ વિલંબ કર્યા વગર પાણીમાં ઝંપલાવ્યું હતું. રેસ્ક્યુ દરમિયાન જ્યારે પોલીસ મહિલાને પકડવા ગઈ ત્યારે તે અત્યંત આવેશમાં હતી. તે જોરજોરથી બૂમો પાડી રહી હતી કે, "મને મરવા દો, મારે નથી જીવવું, મને શું કામ બચાવો છો?" જો કે, જવાનોએ મક્કમતાપૂર્વક તેને પકડી રાખી કાંઠા સુધી સુરક્ષિત રીતે ખેંચી લાવ્યા હતા. ઘરકંકાસ અને સતત થતા ઝઘડાઓથી કંટાળીને મહિલાએ આ આત્યંતિક પગલું ભર્યું હોવાનું બહાર આવ્યું હતું.

**પુરવઠા વિભાગનો કડક અભિગમ**

## કે-40નો પરવાનો સસ્પેન્ડ કરી ગરીબોને અનાજ પહોચાડાવ્યું

**ઝોનલ** અધિકારી અને સ્ટાફની હાજરીમાં દુકાનદારોને વન ટુ વન વેરીફાય કરી અનાજ આપ્યું

સુરતઃ સુરત જિલ્લા પુરવઠા વિભાગે કતારગામની કે-40 નંબરની દુકાનનો પરવાનો સસ્પેન્ડ કરી આજે સરકારી સ્ટાફની હાજરીમાં ગરીબોને અનાજ વિતરણ કરાવ્યું હતું.

સુરત જિલ્લા પુરવઠા અધિકારી દર્શન શાહે કતારગામની કે-40 નંબરની દુકાનની ગેરરીતિ પકડાતા કડક વલણ દાખવ્યું છે. જિલ્લા પુરવઠા અધિકારીએ ગરીબોના હકકનું અનાજ સગેવગે કરવાની ઘટનાને ગંભીરતાથી લઈ આ દુકાનનો પરવાનો 90 દિવસ માટે સસ્પેન્ડ કરી નાંખ્યો છે. આ દુકાન સામે ઝોનલ અધિકારી અને મામલતદારને તપાસના આદેશ આપ્યા છે.

દરમિયાન આ દુકાનનો પરવાનો સસ્પેન્ડ થતા રેશનકાર્ડ ધારકોને અનાજ મેળવવા માટે દિલ્હીથી દોલતાબાદ ન કરવું પડે તે માટે વિશેષ વ્યવસ્થા ગોઠવી દીધી છે. પુરવઠા વિભાગના ઝોનલ અધિકારીની હાજરી વચ્ચે કે-40ના રેશનકાર્ડ ધારકોને અનાજ વિતરણ કરાવ્યું હતું. આ દુકાન સામે ફોજદારી કરવા ઉપરાંત કાયમ માટે પરવાનો રદ કરવાની માંગણી પણ પ્રબળ બની છે.

**અનુસંધાન... પાના છેલ્લાનું**

### ટેક્સટાઇલ યુનિ....

થયાની વિગતો સરકાર સુધી પહોંચી હતી.' બીએસ.અગ્રવાલે વધુમાં જણાવ્યું હતું કે, 'ગુજરાતના ઈન્ડસ્ટ્રી સેક્રેટરી એ મને કહ્યું હતું કે, જો ટેક્સટાઈલ સિટી સુરતની કોલેજોમાં ટેક્સટાઈલને લગતા ડિગ્રી અભ્યાસ ક્રમો બંધ થઈ ગયા હોય તો સરકારે શા માટે સફળતાની ખાતરી વિના 700 થી 800 કરોડના ખર્ચે ટેક્સટાઈલ યુનિવર્સિટી સ્થાપવાનું જોખમ લેવું જોઈએ? અમારી પાસે ઈન્ડસ્ટ્રી સેક્રેટરીના એ સવાલનો કોઈ ઉત્તર ન હતો. તેઓનો સવાલ વ્યાજબી હતો કે, જો ડિગ્રી કોલેજમાં કોર્ષ ચાલતાં હોય તો યુનિવર્સિટીમાં કઈ રીતે ચાલશે? સુરતમાં જે ટેક્સટાઈલ ઉદ્યોગકારોના પરિવાર યુવાનો છે તેઓ પણ ટેક્સટાઈલને લગતો ડિગ્રી કોર્ષ કરતા નથી. આ ઈન્ડસ્ટ્રીમાં અનુભવે શીખે છે.

### વિધાનસભામાં...

જવાબમાં જણાવાયું કે ટેક્સટાઈલ યુનિવર્સિટી અંગે વધુ તપાસ, અભ્યાસ અને મૂલ્યાંકન માટે જીઆઈટીસીઓ (ગુજરાત ઇન્ડસ્ટ્રીયલ એન્ડ ટેકનિકલ કન્સલ્ટન્સી ઓર્ગેનાઈઝેશન લિમિટેડ) સંસ્થાને કામગીરી સોંપવામાં આવી છે. અભ્યાસ પૂર્ણ થયા બાદ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. રાજ્યમાં ટેક્સટાઈલ ક્ષેત્ર માટે વિશેષ યુનિવર્સિટી સ્થાપવાની પ્રક્રિયા હજી પ્રાથમિક તબક્કામાં છે અને અભ્યાસ અહેવાલના આધારે આગામી નિર્ણય લેવાશે.

### ધો.10 વિજ્ઞાનનું...

મોટાભાગના વિદ્યાર્થીઓએ સંતોષ વ્યક્ત કર્યો હતો. પ્રશ્નો સ્પષ્ટ, પાઠ્યપુસ્તક આધારિત તેમજ બોર્ડ દ્વારા જાહેર કરાયેલા માળખા અને બ્લુપ્રિન્ટ અનુસાર જ પૂછાયેલા હતા. યોગ્ય રીતે પ્રશ્નો વાંચી અને મુદ્દાસર જવાબ લખનાર વિદ્યાર્થી સરળતાથી સારા ગુણ મેળવી શકે એવું પેપર હોવાનું નિષ્ણાતોનું માનવું છે. સમગ્ર રીતે પ્રશ્નપત્ર સંતુલિત રહ્યું હતું. બોર્ડ દ્વારા નક્કી કરાયેલા માળખા અને બ્લુપ્રિન્ટનું સંપૂર્ણ પાલન થતાં વિદ્યાર્થીઓને વિકલ્પ પસંદ કરવામાં સરળતા મળી. સારી તૈયારી સાથે શાંતિપૂર્વક લેખન કરનાર વિદ્યાર્થીઓ માટે ઉત્તમ પરિણામની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. કુલ મળીને, ધોરણ 10 વિજ્ઞાન વિષયનું પેપર વિદ્યાર્થીમિત્ર અને સારા ગુણ પ્રાપ્ત કરી શકાય તેવું રહ્યું હોવાનું પ્રતિસાદમાં સામે આવ્યું છે.

### ધો.12 રસાયણશાસ્ત્રનું...

અને સ્કોરિંગ"ગણાવ્યું હતું. સમગ્ર રીતે રસાયણશાસ્ત્રનું પ્રશ્નપત્ર યોગ્ય સ્તરનું, બોર્ડના માપદંડ મુજબ અને વિદ્યાર્થીઓને અનુકૂળ રહ્યું હોવાનું માનવામાં આવે છે.

### ધો.12 કોમર્સમાં...

એકંદરે, આ વિષયનું પ્રશ્નપત્ર સરળ અને વિદ્યાર્થીઓને અનુકૂળ હોવાનું માનવામાં આવે છે.

### ડિંડોલીમાં ધો.12...

વિદ્યામંદિરના ધોરણ 12 સાયન્સમાં અભ્યાસ કરતો હતો. અત્યારે બોર્ડની પરીક્ષાઓ ચાલી રહી છે. શ્રીકાંત પણ બોર્ડની પરીક્ષાઓની તૈયારી કરતો હતો. પહેલું પેપર બે દિવસ પહેલાં આપી આવ્યો હતો. આજે બીજું પેપર હતું. ગઈકાલે રાત્રે તે ઘરે રસોડામાં રસાયણશાસ્ત્રના પેપરની તૈયારી કરતો હતો. રસોડામાં બેસીને વાંચન કરતો હતો. દરમિયાન રાત્રે વાંચતા વાંચતા અચાનક તણાવમાં આવી ગયો હોય મળસ્કે પોતાના ઘરના રસોડામાં છતનાં પંખા સાથે દુપટ્ટા બાંધીને ફાંસો ખાઈને મોતને વહાલું કરી લીધું હતું. સવારે જ્યારે તેના પિતા ઊઠ્યા ત્યારે પુત્રને લટકતો જોઈને હેબતાઈ ગયા હતા. બાદમાં બનાવની જાણ પોલીસ થતાં ડિંડોલી પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી હતી.

### શ્રીકાંત શાંત સ્વભાવનો હતો અને એવરેજ 60-70 ટકા લઈ આવતો હતો

આ અંગે બચકાનીવાલા સ્કૂલના પ્રિન્સિપાલ દિનેશ રાઠોડે જણાવ્યું હતું કે, શ્રીકાંત શાંત સ્વભાવનો હતો. તે કોઈપણ માથાકૂટમાં પડતો ન હતો તેમજ તેના પરીક્ષામાં એવરેજ 60-70 ટકા માર્ક્સ આવ્યા હતા.

### ઈરાન યુદ્ધને...

એપ પરથી વિકલ્પો તપાસવા અથવા ટિકિટની રીફંડ/રિ-શેડ્યુલિંગ માટે સંપર્ક કરવાની અપીલ કરી છે. ભારતના સિવિલ એવિયેશન મંત્રાલયે પણ તાત્કાલિક એડવાઇઝરી જારી કરીને પ્રવાસીઓને 11 દેશના ઉચ્ચ જોખમી હવાઈ ક્ષેત્રોમાં ન જવા સૂચના આપી છે.

આ એડવાઇઝરીમાં સામેલ અસરગ્રસ્ત હવાઈ ક્ષેત્રોમાં ઉચ્ચ જોખમી ક્ષેત્રમાં અસરગ્રસ્ત હવાઈ ક્ષેત્ર ઈરાનના તેહરાન (OIIX), ઈરાકના બગદાદ (ORBB), ઈઝરાયેલના તેલ અવીવ (LLFI), જોર્ડનના અમ્માન (OJAC), લેબનોનના બેરુત (OLBB), કુવૈતના કુવૈત (OKAC), સાઉદી અરેબિયાના જેદ્દાહ (OEJD), UAE ના અમીરાત (OMAE), બહરીનના બહરીન (OBBB), કતારના દોહા (OTDF), ઓમાનના મસ્કત (OOMM)નો સમાવેશ થાય છે.

આ દેશોમાં ઉડ્ડયન નહીં કરવા પ્રવાસીઓને સૂચના આપવામાં આવી છે. સુરત સહિત દક્ષિણ ગુજરાતના પ્રવાસીઓ મોટી સંખ્યામાં દુબઇ, અબુધાબી, ઓમાન અને દોહામાં ફસાયા છે. સરકાર તેઓને પરત લાવવા એર સ્પેસ ખુલવાની રાહ જોઈ રહી છે.

મંત્રાલયે પ્રવાસીઓને વિમાન કંપનીઓ સાથે સતત સંપર્કમાં રહેવા અને નવીનતમ અપડેટ્સ માટે DGCAની વેબસાઇટ તપાસવાની સલાહ આપી છે. વર્તમાન સ્થિતિમાં સુરત-મધ્ય પૂર્વના આ રૂટ પર મુસાફરી કરનારા લોકોને વિકલ્પી માર્ગો અથવા વિલંબિત યાત્રાની તૈયારી રાખવી પડશે. સ્થિતિ સામાન્ય થતાં જ ફ્લાઇટ્સ પુનઃ શરૂ થશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે.

### નવી સિવિલ...

સામે આવી છે. પ્રશ્ન એ ઊભો થાય છે કે આરોગ્ય સેવાઓ સંભાળવાના જવાબદાર અધિકારીઓને હવે કૂતરા ગણવાનું પણ કામ કરવું પડે તેવી પરિસ્થિતિ કેમ સર્જાઈ? દર્દીઓ અને તેમના સગાંઓની સલામતીને ધ્યાનમાં લેતા હોસ્પિટલ પરિસરમાં રખડતા કૂતરાનો મુદ્દો અત્યંત ગંભીર ગણાય છે.

હવે આરોગ્ય વિભાગ આ સમસ્યાનો કાયમી ઉકેલ લાવે છે કે નહીં તે જોવાનું રહેશે.


**Repco Home Finance**

**રેપ્કો હોમ ફાઈનાન્સ લિમિટેડ**

સુરત શાખા : પ્લોટ નં. ૬૬૮/બી અને ૬૬૮/સી, પહેલો માળ, વામા હાઉસ, રીંગ રોડ, ઉધના દરવાજા, સુરત, ગુજરાત -૩૯૫૦૦૨.

**ઈ-હરાજી વેચાણ નોટીસ**

સિક્યોરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ - ૨૦૦૨ હેઠળ રેપ્કો હોમ ફાઈનાન્સ લિમિટેડને ગિરવે મુકેલ સ્થાવર મિલકતોનું વેચાણ.

જ્યારે ઉધારકર્તા : શ્રી ભરતભાઈ વઘાસીયા S/0 શ્રી દામજીભાઈ, સહ-ઉધારકર્તા : શ્રીમતી પાયલબેન બી વઘાસીયા W/o શ્રી ભરતભાઈ, જામીનદાર : શ્રી સંજય બાબુભાઈ જીવાણી S/0 શ્રી બાબુભાઈ એ રેપ્કો હોમ ફાઈનાન્સ લિમિટેડ, સુરત શાખા પાસેથી લોન લીધેલ છે જેની સામે સ્થાવર મિલકતનું ગિરવે મુકેલ અહીં નીચે આપેલા શિડયુલમાં વધુમાં સંપૂર્ણ વર્ણવેલ છે. ઉધારકર્તાઓ લોનની રકમ ચુકવવામાં નિષ્ફળ ગયા હોવાથી, કંપનીએ તા. ૩૧.૦૧.૨૦૨૦ ના રોજ સરફેસી એક્ટ - ૨૦૦૨ ની કલમ ૧૩(૨) હેઠળ ડીમાન્ડ નોટીસ જારી કરી છે જેમાં લોન એકાઉન્ટ નં. ૨૦૧૧૮૭૦૦૦૦૧૧૩ દ્વારા નોટીસમાં ઉલ્લેખિત રકમ તા. ૨૧.૦૧.૨૦૨૦ ના રોજ અનુક્રમે રૂા. ૧૨,૨૫,૧૨૧/- વત્તા ચડત વ્યાજ, કોસ્ટ અને ખર્ચાઓ સાથે ચુકવવા માટે કહેવામાં આવેલ છે, જેમાં ઉપરોકત નોટીસની તારીખ થી ૬૦ દિવસની અંદર ભરી જવા જણાવેલ છે.

ઉધારકર્તા અને સહ-ઉધારકર્તાઓએ ઉપરોકત માંગણી નોટીસમાં જણાવ્યા મુજબ કંપનીને બાકી રકમ ચુકવવામાં નિષ્ફળ ગયા હોવાથી, કંપનીએ તા. ૦૪.૦૯.૨૦૨૦ ના રોજ કાયદાની કલમ ૧૩(૪) હેઠળ કબજો જારી કરીને નીચે આપેલા શિડયુલમાં વધુ સંપૂર્ણ રીતે વર્ણવેલ મુકરર મિલકતોનો કબજો લીધો છે.

ઉધારકર્તાઓએ તેમની બાકી રકમ સંપૂર્ણ ચુકવવામાં નિષ્ફળ જતા, મુકરર દેવાદાર, રેપ્કો હોમ ફાઈનાન્સ લિમિટેડે કંપનીને બાકી રકમ ચુકવવા માટે કાયદાની કલમ ૧૩(૪) અને નિયમો ૮ અને ૯ સાથે વંચાણે કાયદા હેઠળ "જેમ છે ત્યાં છે" અને "જેમ છે જે છે તે મુજબ" માં નીચે દર્શાવેલ મુકરર મિલકત વેચવાનો નિર્ણય લીધો છે. લોન એકાઉન્ટ નં. ૨૦૧૧૮૭૦૦૦૦૧૧૩ દ્વારા ઉધારકર્તાની તા. ૧૩.૦૨.૨૦૨૬ ના રોજ રૂા. ૨૯,૫૪,૮૧૩/- હેઠળ છે.

**ઈ-હરાજીની તારીખ/સમય : ૧૭.૦૩.૨૦૨૬ ના રોજ સવારે ૧૧.૦૦ વાગ્યા થી બપોરે ૧૨.૦૦ વાગ્યા સુધી (૫ મિનિટના અમર્યાદિત ઓટો એક્સટેન્શન સાથે)**

**ઈ-ટેન્ડર સબમિટ કરવાની છેલ્લી તારીખ અને સમય : ૧૬.૦૩.૨૦૨૬ ના સાંજે ૪.૦૦ વાગ્યા સુધી**

**મિલકતનું વર્ણન :-** તમામ ભાગ અને હિસ્સા સાથે જમીનનો પ્લોટ નં. ૬૪૩, કેજેપી મુજબનો બ્લોક નં. ૩/૬૪૩, જેનું આશરે ક્ષેત્રફળ ૭૨.૦૪ સ્કે. યાર્ડ,. એટલે કે ૬૦.૨૩ સ્કે.મી., અવિભાજીત હકક અને હિસ્સા સાથેનો સીઓપી અને રોડ નું ક્ષેત્રફળ ૨૫.૬૮ સ્કે.મી., આરાધના લેક ટાઉન વિભાગ - ૨, જે સ્થિત જમીનનો બ્લોક નં. ૩ (બ્લોક નં. ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૨, ૧૯ અને ૩૯૨), ગામ - જોળવા, તાલુકો - પલસાણા, જીલ્લો - સુરત. **ચતુઃસીમા :- ● ઉત્તરે :** જોડેની સોસાયટીની બાઉન્ડ્રી, **● દક્ષિણે :** જોડેની સોસાયટીનો આંતરીક રોડ, **● પૂર્વે :** જોડેની સોસાયટીની બાઉન્ડ્રી, **● પશ્ચિમે :** જોડેનો પ્લોટ નં. ૬૪૨.

| અનામત કિંમત | ₹ 23,04,000/- | ઈએમડી (અનામત કિંમતના ૧૦%) | ₹ 2,30,400/- | ન્યૂનતમ બીડ વધારવાની રકમ | ₹ 25,000/- |
|---|---|---|---|---|---|

ઈ-હરાજી પ્રક્રિયા માટે, કૃપા કરીને મે. સી૧ ઈન્ડિયા પ્રા. લિમિટેડ, પ્રભાકરણ - ૭૪૧૮૨૮૧૭૦૯ નો સંપર્ક કરો. મિલકતના નિરીક્ષણ માટે ઈચ્છુક બોલી લગાવનારાઓ સવારે ૧૦.૦૦ થી સાંજે ૫.૦૦ વાગ્યા સુધીના તમામ કાર્યકારી દિવસોમાં બ્રાન્ચ હેડ, રેપ્કો હોમ ફાઈનાન્સ લિમિટેડ, સુરત શાખાનો સંપર્ક નં. ૦૨૬૧-૨૩૯૯૫૦૫ અને ૯૯૭૮૯-૭૮૩૭૩નો સંપર્ક કરી શકે છે.

તારીખ : ૨૬.૦૨.૨૦૨૬ — અધિકૃત અધિકારી, રેપ્કો હોમ ફાઈનાન્સ લિમિટેડ



**સુરત મહાનગરપાલિકા**
**પવિત્ર હોળી પ્રગટાવવા અંગેની અગત્યની જાહેર સુચના/અપીલ**

FIT INDIA

હોળી તહેવાર નિમિત્તે સુરત શહેરમાં વિવિધ સ્થળોએ જાહેર રસ્તાઓના જંક્શન ઉપર તથા સોસાયટીના આંતરિક માર્ગ ઉપર પવિત્ર હોળી પ્રગટાવવામાં આવે છે. સામાન્ય રીતે આવા જાહેર માર્ગો ઉપર સીધા ડામર રોડ ઉપર લાકડાં, ઘાસ, છાણા વિગેરે એકઠા કરી હોળી પ્રગટાવવાથી હોળીની આગની સીધી ગરમીના કારણે રસ્તઆઓના ડામર પીગળી જવાથી રસ્તાઓના જંક્શન તૂટી જાય છે અને જેને કારણે આવા જંક્શનોને મરામત પાછળ બિનજરૂરી ખર્ચ થાય છે, તેમજ જાહેર જનતાને અગવડતા ઉપસ્થિત થાય છે.

આથી જાહેર જનતાને જાહેર હિતમાં અપીલ કરવામાં આવે છે કે ત્યાં પ્રથમ ડામર રસ્તા ઉપર છાણ માટીનું જાડું લીંપણ કરવામાં આવે, તથા તેની ઉપર ઈંટ અને / અથવા રેતી-માટીનું થર પાથર્યા બાદ હોળી પ્રગટાવવામાં આવે તો જાહેર માર્ગોને થતું નુકશાન મહદ્ અંશે નિવારી શકાય તેમ છે. જેથી સુરત શહેરની ધર્મપ્રિય તથા શહેરપ્રિય જનતાને ઉપરોક્ત મુજબ હોળી પ્રગટાવવા નમ્ર વિનંતી તથા જાહેર અપીલ કરવામાં આવે છે.

સુંદરહું રાખવા જોમ તકેદારીઓ નીચે મુજબ છે.

- હોળી પ્રગટાવવાનું સ્થળ ટ્રાફિકની અવરજવર તેમજ તેની નજીકથી પસાર થતા રાહદારીઓને હોળીની જવાળાથી નુકશાન ન થાય તેવું પસંદ કરવું.
- હોળી સીધેસીધી ડામર રસ્તા કે સીમેન્ટ કોંક્રિટ રોડ પર પ્રગટાવવી જોઈએ નહીં.
- હોળી પ્રગટાવવા પૂર્વે જે-તે રસ્તા પર માટી તથા છાણ મિશ્રિત જડું લીંપણ કરવું જોઈએ.
- માટી તથા છાણ મિશ્રિત લીંપણ કર્યા બાદ એક ઈંટનું થર પાથરી તેના પર હોળી પ્રગટાવવી જોઈએ.
- ઉપર મુજબની તકેદારી ન રાખવાથી સુરત શહેરના જે-તે રસ્તાઓ / માર્ગોને હોળીની જવાળા / ગરમીના કારણે રસ્તાઓને નુકશાન થાય છે.
- ઉપર મુજબ તકેદારી રાખીને હોળી પ્રગટાવવાથી રસ્તાઓને લઘુત્તમ નુકશાન થાય છે. / બિલકુલ નુકશાન થતું નથી.
- હોળી પ્રગટાવીને ધાર્મિક વિધિ પૂર્ણ કર્યા બાદ તેમજ હોળી ઠારવાની / ઠંડી કરવાની ધાર્મિક વિધિ સંપૂર્ણ થયા પછી હોળી પ્રગટાવવાને કારણે ઉત્તપન્ન થતી રાખ, નહીવત બળેલ લાકડા તેમજ ધાર્મિક વિધિ માટે ઉપયોગમાં લેવામાં આવેલ સામગ્રી જેવી કે ધાન, નાળિયેર તેમજ અન્ય પ્રાસાદીક વસ્તુઓ હોળી પ્રગટાવેલ સ્થળથી સલામત સ્થળે ખસેડવાની તકેદારી રાખવી જોઈએ.
- આ મુજબની તકેદારી રાખવાથી રસ્તાઓને થતું ગંભીર નુકશાન ઓછુ થઈ શકે.
- સુરત શહેરના ધર્મપ્રિય પ્રજાજનોને ઉપર જણાવેલ મુદ્દાઓ મુજબ હોળી પ્રાગટ્ય કરવા તથા તકેદારી રાખવા નમ્ર વિનંતી તથા જાહેર અપીલ કરવામાં આવે છે.

નં.પી.આર.ઓ./૬૮૫/૨૦૨૫-૨૬
તારીખઃ- ૨૬-૦૨-૨૦૨૬

કમિશ્નર
સુરત મહાનગરપાલિકા